# ફાર્મ મશીનરી ટેસ્ટીંગ કરાવવા માટે ની કાર્ય પ્રણાલી

૧ અરજદારે જે તે સાધનના ટેસ્ટીંગ માટે નિયત ફોર્મેટમાં એપ્લિકેશન ફોર્મ સબમિટ કરવું જરૂરી છે. ફોર્મ અત્રેના સેન્ટર ખાતેથી અથવા કેન્દ્રની વેબસાઇટ **(http://www.jau.in/index.php/testing-and-training-centre-of-farm-machinery)** પરથી ડાઉનલોડ કરી શકાય છે.

૨ અરજદારે નીચે મુજબના ડોક્યુમેન્ટ રજુ કરવાના રહેશે

- ૧ જે તે સાધન માટે નિયત કરેલ ટેસ્ટીંગ ચાર્જ (પત્રક-૧ મુજબ)નો **"Asst. Admin. Officer, CAET, JAU, Junagadh A/c"** નામનો સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા, જૂનાગઢને ચુકવવા પાત્ર ડિમાન્ડ ડ્રાફ્ટ (પરત નહીં મળવા પાત્ર)
- ૨ એપ્લિકેશન ફોર્મ (વેબસાઇટ પરથી ડાઉનલોડ કરી પ્રિન્ટ કાઢી તેને સંપૂર્ણ રીતે ભરી અને યોગ્ય જગ્યાએ સહી-સિક્કા કરવા)
- 3 જે તે સાધનની નિયત સ્પેસીફીકેશન શીટ (વેબસાઇટ પરથી ડાઉનલોડ કરી પ્રિન્ટ કાઢી તેને સંપૂર્ણ રીતે ભરી અને યોગ્ય જગ્યાએ સહી-સિક્કા કરવા)
- ૪ અરજદાર પોતે ઉત્પાદક હોવા અંગેનું કોઈ પણ એક સરકારી સંસ્થાનું પ્રમાણપત્ર (જેમકે લઘુ/મધ્યમ ઉદ્યોગ પ્રમાણપત્ર અથવા ઉદ્યોગ આધાર)ની સ્વ-પ્રમાણિત નકલ અથવા જો પોતે ઉત્પાદક ન હોય તો; જે તે ઉત્પાદકની સાધન ટેસ્ટીંગ કરવા અંગેની સંમતિની સ્વ-પ્રમાણિત નકલ
- ૫ એન્જિયરીંગ ડ્રોઈંગ
- ૬ જે સાધન ટેસ્ટ કરવાનું હોય તેનો રંગીન ફોટોગ્રાફ
- ૭ ટેકનીકલ સાહિત્ય, જેમ કે ઓપરેટર મેન્યુઅલ, સ્પેરપાર્ટ્સની સૂચિ, સેવા માર્ગદર્શિકા વગેરે
- ૮ પાવર ઓપરેટેડ નેપસેક સ્પ્રેઅરના ટેસ્ટીંગ માટે ભારત સરકાર માન્ય સંસ્થા/એન.એ.બી.એલ લેબોરેટરીમાં તેના એન્જિનનો ટેસ્ટ કરાવી તેનો સ્વ-પ્રમાણિત ટેસ્ટ રિપોર્ટ અરજી સાથે રજુ કરવો
- ૯ સોલાર બેટરી સંચાલિત નેપસેક સ્પ્રેઅરના ટેસ્ટીંગ માટે ભારત સરકારના એમ.એન.આર.ઈ. વિભાગ માન્ય કોઈપણ અધિકૃત લેબોરેટરીમાં તેની સોલર પેનલનો ટેસ્ટ કરાવી તેનો સ્વ-પ્રમાણિત ટેસ્ટ રિપોર્ટ અરજી સાથે રજુ કરવો

3 ઉપર મુજબના બધા ડોક્યુમેન્ટ સાથેની અરજી અત્રે રૂબરૂ/પોસ્ટ/કુરિયરથી રજુ કરવાની રહેશે. જેની વિવિધ સ્તરે ચકાસણી થયા બાદ તેનો સ્વીકાર થયે, મળેલ ટેસ્ટીંગ ચાર્જની રીસીપ્ટ આપવામાં આવશે.

૪ ત્યારબાદ જે તે સાધનની કેટેગરી મુજબ તે અરજીનો જે તે કેટેગરીની પ્રતીક્ષા યાદીમાં સમાવેશ કરવામાં આવશે.

૫ a જે તે સાધનનો જ્યારે ટેસ્ટીંગ માટે વારો આવ્યે; આ સેન્ટર દ્વારા જે તે અરજદારને જે સાધન ટેસ્ટીંગ કરાવવાનું થતું હોય તેના સેમ્પલ સિલેકશન માટે ઓછામાં ઓછા નીચે દર્શાવેલ નંગ તૈયાર રાખવા જણાવવામાં આવશે.

| ક્રમ. | સાધનની કિંમત (રૂ.) | ન્યૂનતમ નમૂનાનું કદ (નંગ) |
|---|---|---|
| ૧ | રૂ. 35, 000 સુધી | 20 |
| ૨ | રૂ. 35,000 થી રૂ. 1,00,000 | 10 |
| 3 | રૂ. 1,00,000 અને થી વધુ | 5 |
| ૪* | કમ્બાઈન હાર્વેસ્ટર માટે | 2 |
| ૫* | ટ્રેકટરો અને પાવર ટિલર્સ માટે | 5 |
| ૬* | કોઈપણ આયાત કરેલી મશીનરી માટે | 5 |
| * હાલમાં આ કેન્દ્ર આ મશીનોના ટેસ્ટીંગ માટે અધિકૃત નથી. | | |

b ત્યારબાદ ઉપરની વિગતે જે તે સાધનના નિયત સંખ્યામાં નંગ તૈયાર થયે; અરજદારે સેન્ટરને લેખિતમાં જાણ કર્યે, સેન્ટરના સત્તા અધિકારી/સબઓર્ડીનેટ સ્ટાફ જે તે અરજદારની ફેકટરીની રૂબરૂ મુલાકાત લેશે અને ટેસ્ટીંગ માટેનું સેમ્પલ હાજર રાખેલ નિયત જથ્થામાંથી રેન્ડમલી પસંદ કરી;' તેના જુદા જુદા ભાગો પર લાખનું સીલ લગાડશે. આ સીલ લગાડેલ સાધન અરજદારે પોતાના ખર્ચે એક સપ્તાહમાં આ સેન્ટર પર જમા કરાવવાનું રહેશે.

c આ સીલ લગાડેલ સાધનના આ સેન્ટર પર આગમન સમયે, સેન્ટરના સત્તા અધિકારી ખાતરી કરશે કે સીરીયલ નં. / લેબલિંગ પ્લેટ અને સીલ અકબંધ છે.

d જે તે સાધનના ટેસ્ટ રીપોર્ટમાં પણ સેમ્પલ સિલેકશન માટે હાજર રાખેલ બધા નંગના સીરીયલ નંબરનો ઉલ્લેખ કરવામાં આવશે.

e સેમ્પલ સિલેકશનની કામગીરી માટે સેન્ટરના સત્તા અધિકારી / સબઓર્ડીનેટ સ્ટાફનો આવવા / જવાનો, લોજિંગ / બોર્ડીંગ ચાર્જ સહીતનો તમામ ખર્ચ જે તે અરજદારે ભોગવવાનો રહેશે.

૬ ત્યારબાદ જે તે સાધનનું લાગુ પડતા ભારતીય માનક મુજબ ટેસ્ટીંગ (લેબ. અને ફીલ્ડ ટેસ્ટ) કરવામાં આવશે.

૭ જે તે સાધન ના સોઇલ વર્કિંગ પાર્ટ / ક્રીટીકલ પાર્ટનું વિયર એનાલીસીસ, કેમિકલ એનાલીસીસ અને હાર્ડનેસ ટેસ્ટ સહીત સાધનનું અંતિમ નિરીક્ષણ હાથ ધરવામાં આવશે.

૮ તમામ ટેસ્ટીંગ કાર્યવાહી પૂર્ણ થયા પછી, એકત્રિત ડેટાનું એનાલીસીસ કરી નિયત ફોર્મેટમાં ડ્રાફ્ટ રિપોર્ટ તૈયાર કરવામાં આવશે.

૯ વિવિધ સ્તરે ડ્રાફ્ટ રિપોર્ટની ચકાસણી થયા પછી, અરજદારની કોમેન્ટસ /ટિપ્પણીઓ માટે ડ્રાફ્ટ રિપોર્ટ જે તે અરજદાર ને મોકલવામાં આવશે.

૧૦ ત્યાર બાદ જે તે અરજદારે પોતાની કોમેન્ટસ/ટિપ્પણીઓ ડ્રાફ્ટ રિપોર્ટની તારીખથી ૧૫ દિવસમાં લેખિતમાં મોકલવાની રહેશે. જો નિયત સમયમાં કોમેન્ટસ/ટિપ્પણીઓ રજુ નહિ થાય તો, અંતિમ નિર્ણય સેન્ટરના સત્તા અધિકારી દ્વારા લેવામાં આવશે.

૧૧ અરજદારની કોમેન્ટસ/ટિપ્પણીઓ જો કોઈ હોય; તો તે તપાસવામાં આવશે અને જો તે સંપાદકીય પ્રકારની હશે, તો તે સુધારવામાં આવશે અને જો તે ટેકનીકલ પ્રકારની હશે, તો તેનો સમાવેશ ફાઈનલ ટેસ્ટ રિપોર્ટમાં "અરજદારની કોમેન્ટસ/ટિપ્પણીઓ" તરીકે અલગ પ્રકરણ હેઠળ કરવામાં આવશે.

૧૨ ફાર્મ મશીનરી ટેસ્ટીંગ અને ટ્રેનીંગ સેન્ટર, ફાર્મ મશીનરી અને પાવર ઈજનેરી વિભાગ, કૃષિ ઇજનેરી અને ટેકનોલોજી કોલેજ, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢના ટેસ્ટ એન્જિનિયર્સ અને ટેસ્ટીંગ ઇન્ચાર્જ / પ્રોફેસર અને વડાની સહીઓ સાથે ફાઈનલ ટેસ્ટ રિપોર્ટ અને જે તે ટેસ્ટેડ સાધન અરજદારને પરત કરવામાં આવશે.

**પત્રક-૧**

**(Year 2023-2024 w.e.f. 01/04/2023)**

| ક્રમ | સાધન નું નામ | ટેસ્ટીંગ ચાર્જ (રૂ.) |
|---|---|---|
| | | ડિમાન્ડ ડ્રાફ્ટ **(Asst. Admin. Officer, CAET, JAU, Junagadh ના નામનો)** |
| ૧ | સાધન નો કોઈ એક કમ્પોનેન્ટ / ભાગ | 24565 |
| ૨ | હાથ ઓજાર | 24565 |
| ૩ | માણસ સંચાલિત સાધન | 47463 |
| ૪ | પશુ ચાલિત સાધન | 52386 |
| ૫ | પાવર સંચાલિત થ્રેશર, ડીકોરટીકેટર, શેલર, વિનોવર ચાફ કટર, સ્પ્રેયર | 98197 |
| ૬ | પાવર ટીલર ચાલિત/ ~~સ્વયં ચાલિત~~ રીપર/ વીડર અને ~~અન્ય ૩.૫ કીવો. સુધીના~~ સાધન | 98197 |
| ૭ | પશુ ચાલિત મલ્ટી ટુલ બાર (ઓછામાં ઓછા ૪ એટેચમેન્ટ) | 139106 |
| ૮ | ટ્રેકટર ચાલિત સીડ કમ ફર્ટીલાઈઝર ડ્રીલ/પ્લાન્ટર | 175123 |
| ૯ | પાવર સંચાલિત મલ્ટી ક્રોપ થ્રેશર (બે કે તેથી વધુ ક્રોપ ) | 180045 |
| ૧૦ | ટ્રેકટર ચાલિત સાધન | 166955 |
| ૧૧ | ~~સ્વયં ચાલિત~~ પેડી ટ્રાન્સ પ્લાન્ટર | 238953 |

***